## સમર્પણ પબ્લિક સ્કૂલને મળેલ સન્માન



ગાંધીનગર, તા. ૯

સમર્પણ પબ્લિક સ્કુલમાં હેલ્થફૂલનેશ નિબંધ સ્પર્ધાનું આયોજન સંચાલિત શ્રી રામચંદ્રપરમીશન યુનીટેક ઈન્ફોર્મેશન સેન્ટર દ્વારા કરવામાં આવેલ હતું. જેનો વિષય ''બુદ્ધિમાપન એ ક્ષમતા પરિવર્તન'' રાખેલ હતો.આ સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીને સર્ટિફિકેટ અને સંસ્થાના આચાર્યશ્રી નિધીશર્માને સન્માનીય સર્ટિફિકેટ આપીને સંસ્થાને સન્માનિત કરવામાં આવેલ છે.

## શ્રીમતી એમ બી પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ધોરણ-૮ની વિદ્યાર્થીનીઓનો શુભેચ્છા સમારંભ યોજાયો



ગાંધીનગર, તા. ૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ૩જી માર્ચે ધોરણ-૮ની વિદ્યાર્થીની બહેનો માટે શુભેચ્છા સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ-૮ની ૩૫૦ બહેનોને સેક્ટર-૨૮ના ગાર્ડનમાં લઈ જવામાં આવી હતી. ત્યાં નાસ્તાનું તથા આઈસ્ક્રીમ પીરસવામાં આવ્યો હતો. વિવિધ રમતો દ્વારા મનોરંજન પૂરું પાડવામાં આવ્યું હતું.

શુભેચ્છા સમારંભમાં વર્ગદીઠ દરેક વિદ્યાર્થીની બહેનોએ પોતાના શાળાજીવનમાં સંસ્મરણો વાગોળ્યા હતા. આચાર્યા નિરુબેન પટેલે વિદ્યાર્થીનીઓ બહેનોને જીવનના મૂલ્યો સાથે ચાલીને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

## જીઆઈપીએસ સ્કૂલમાં વેશભૂષા સ્પર્ધાનું આયોજન



ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં આજે વેશભૂષા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૧ થી ૪ ના નાના નાના ભૂલકાઓએ ભાગ લીધેલ હતો. શાળા પરિવાર બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને આવી જ વિવિધ પ્રકારની સ્પર્ધાઓ દ્વારા ખીલવવાનો પ્રયાસ કરે છે. વિદ્યાર્થીઓએ ઘણા ઊત્સાહથી આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં બાળકોએ ક્રિકેટર, ડૉક્ટર, આર્મીમેન, પોલીસમેન, કમાન્ડો, શિક્ષક, પરી, રાણી લક્ષ્મીબાઈ વગેરે જેવી વેશભૂષા ધારણ કરીને તેમની ભૂમિકા ભજવી હતી. શાળાના પ્રિન્સીપાલશ્રીએ પ્રસંગોચિત ઉદબોધન કર્યું હતું.

## સી.એન આર્ટ્સ એન્ડ બી.ડી.કોમર્સ કોલેજ, કડીમાં વાર્ષિકોત્સવ અને પારિતોષિક વિતરણ સમારંભ




કડી,

શ્રી એમ.પી.શાહ એજ્યુકેશન સંચાલિત સી.એન. આર્ટ્સ એન્ડ બી.ડી.કોમર્સ કોલેજ, કડી (હાઈવે કેમ્પસ)માં વાર્ષિકોત્સવ અને પારિતોષિક વિતરણ અને તૃત્તીય વર્ષ બી.એ./બી.કોમ.ના વિધાર્થીઓનો વિદાય સમારંભ શ્રી એમ.પી.શાહ એજ્યુકેશન સોસાયટી, કડીના મંત્રી શેઠશ્રી નલીનભાઈ એમ.શાહના પ્રમુખ સ્થાને યોજાઈ ગયો.આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે બબલુભાઈ ખમાર(કારોબારી સભ્યશ્રી,બિન અનામત આયોગ,ગુજરાત સરકાર અને જાનકી ઓઈલ ઈન્ડસ્ટ્રીઝના માલિક) નરેશભાઈ પટેલ (ચીફ ઓફિસરશ્રી,કડી નગરપાલિકા કડી) તથા અતિથિ વિશેષ પદે એમ.પી.શાહ એજ્યુકેશન સોસાયટી, કડીના કારોબારી સભ્યશ્રીઓ, સુરેશભાઈ પટેલ,જયદીપભાઈ બ્રહ્મભટ્ટ,શ્રી રાજુલભાઈ પરીખ, રાજેન્દ્રભાઈ નાયક,શ્રી અબ્દુલભાઈ દલાલ,અને ડૉ..સી.એસ.પરમાર તથા ભગીની સંસ્થાનાં પ્રિન્સીપાલો, શ્રીમતી હીનાબેન પટેલ, દિપકભાઈ પટેલ તથા પરિમાબેન ઉપસ્થિત રહયા હતા.

પ્રાર્થનાથી કાર્યક્રમનો પ્રારંભ થયો કોલેજની વિધાર્થીનીએ સુંદર નૃત્ય સાથે પ્રાર્થના રજુ કરી. ઉપસ્થિત મહેમાનશ્રીઓ દ્વારા દીપ પ્રાગટ્ય દ્વારા કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો,કોલેજના પ્રિ.શ્રી. ડૉ.જી.ડી. ત્રિપાઠીએ ઉપસ્થિત સર્વે મહેમાનો તથા વિધાર્થીઓનું શાબ્દિક સ્વાગત કર્યું હતું બાદમાં સર્વે મહેમાનશ્રીઓનું પુષ્પગુચ્છ અને સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. કોલેજના અધ્યાપક ડૉ.જી.સી.સોઢા પરમારે વર્ષ દરમયાનની કોલેજની વિશિષ્ટ ઉપલબ્ધિઓનો અહેવાલ પ્રસ્તુત કર્યો હતો.બાદમાં કોલેજમાંથી ચાલુ વર્ષે પી.એચ.ડી. થનાર પ્રોફેસર રમેશભાઈ ઓ. પ્રજાપતિનું પુષ્પગુચ્છ અને સાલ ઓઢાડી પ્રમુખશ્રીએ સન્માન કર્યું હતુ.મહિલા કોલેજમાંથી પ્રમોશન લઈને આવેલ સિનિ.ક્લાર્ક શ્રી જીતુભાઈ મકવાણા અને કોલેજના જુનિ. ક્લાર્ક માંથી સિનિ.ક્લાર્ક નુ પ્રમોશન મેળવનાર શ્રી રણધારભાઈ આચાર્યનું પુષ્પગુચ્છ અને સાલ સન્માન કરવામાં આવ્યું હતું. કોલેજના અધ્યાપક તરીકે કામ કરતાં ડૉ.રોનક પરમાર ચિલ્ડ્રન યુનિ.ગાંધીનગરમાં આસી.પ્રોફેસર તરીકે જોડાતા તેમનું પણ સન્માન કરવામાં આવ્યુ હતું કોલેજમાં તૃત્તીય વર્ષ બી.એ./બી.કોમ. તથા એમ.એ. એમ.કોમ સેમ. – ૪ માં યુનિ.કક્ષાએ પ્રથમ ત્રણ ક્રમાકે આવનાર વિધાર્થીઓને એન.સી. સી./એન.એસ.એસ.સ્પોટર્સ તથા સાંસ્કૃતિક પ્રવૃતિઓમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર વિધાર્થીઓને મહેમાનશ્રીઓ દ્વારા શિલ્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

# અશ્વિન એ પટેલ કોમર્સ કૉલેજના વાર્ષિકોત્સવનું આયોજન



અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કૉલેજના વાર્ષિકોત્સવનું આયોજન સે-૨૩ ખાતે થયું હતું. કૉલેજના તેજસ્વી તારલા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, એનએસએસ અને રમતગમત ક્ષેત્રે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ મહેમાન તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓનું સૌથી શ્રેષ્ઠ સન્માન 'બેસ્ટ સ્ટુડન્ટ ઓફ એ.એ.પી.સી.સી.' કુ. અવની ભુવાને તેમના સાર્વત્રિક યોગદાન બદલ અનાયત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન અને સંચાલન ડૉ. વિજ્ઞા ઓઝાના માર્ગદર્શન હેઠળ કૉલેજના એકેડમીક ઈન્ચાર્જ ડૉ. ધાર્મીની મહેતા અને ડૉ. જીનાલી પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## શંકરસિંહ વાઘેલા બાપુ ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીના સિવિલ ડીપાર્ટમેન્ટની ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ



ગાંધીનગર, તા. ૯

બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસ સંચાલિત શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીના સિવિલ ડીપાર્ટમેન્ટ દ્વારા અંબુજા સિમેન્ટ ફેકટરી, કોડીનાર ખાતે ઈન્ડસ્ટ્રીયલ વિઝીટનું આયોજન થયું હતું.


આ મુલાકાતમાં સિવિલ ડીપાર્ટમેન્ટના આશરે ૪૩ વિદ્યાર્થીઓ અને ૪ ફેકલ્ટી મેમ્બરે ભાગ લીધો હતો. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ સિમેન્ટની મેન્યુકફેક્ચરીંગ પ્રોસેસ અને તેમાં વપરાતા અત્યાધુનિક મશીનરીની વિગતવાર માહિતી મેળવી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ અંબુજાનગર, કોડીનારમાં આવેલા વેસ્ટ વોટર પ્લાન્ટની પણ મુલાકાત લીધી હતી. સમગ્ર મુલાકાત સિવિલ એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓ માટે અત્યંત ઉપયોગી સાબિત થઈ હતી કારણ કે સિવિલ એન્જીનીયરીંગના અભ્યાસ ક્રમમાં મળતી માહિતીઓનો મુલાકાત દરમિયાન રૂબરૂ અનુભવ કરી વિદ્યાર્થીઓએ પ્રેક્ટીકલ ઉપયોગ જાણ્યો હતો.

આ મુલાકાત સંસ્થાના ડાયરેકટર પ્રો. રવિકુમાર અને પ્રિન્સીપાલ ડૉ.કિંજલ અધવર્યુંના માર્ગદર્શન હેઠળ સિવિલ ડીપાર્ટમેન્ટના હેડ પ્રો. મિત્તલ પટેલ અને સ્ટાફ મિત્રોએ સાથે મળીને યોજી હતી.



આરાધના વિદ્યાવિહાર (અંગ્રેજી માધ્યમ) (વેદ ગૃપ) દ્વારા ૭મી માર્ચે નારી સશક્તિકરણના ભાગ રૂપે સાઈકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે બાળકો તથા શિક્ષકો માટે સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું ,જેમાં 'બેટી બચાઓ, બેટી પઢાઓ' ના સૂત્ર દ્વારા નારીશક્તિ તથા મહિલાઓ પ્રત્યે જાગૃતતા લાવવાના આશયથી આ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતું.

# છેલ્લા બસો વર્ષથી હૈયે અને હોઠે વસેલ દલપતરામના બાળ સાહિત્યનું અનોખું સંપાદન




માત્ર 'કવિ' નહિ પણ 'કવીશ્વર' ગણાયેલા દલપતરામ ડાહ્યાભાઈ ત્રવાડી/ત્રિવેદી અર્વાચિન ગુજરાતી સાહિત્યના આદિપુરુષોમાં એક છે. કોઈકે કવિ નર્મદને 'અર્વાચીનોમાં આદ્ય' કહીને એની વરિષ્ઠતા સ્થાપી દીધી છે. પરંતુ દલપતરામ નર્મદથી ઉંમરમાં ૧૩ વર્ષ મોટા હતા. ગુજરાતી સાહિત્યના વરિષ્ઠ વિદ્વાન ધીરુભાઈ ઠાકરે પણ લખ્યું છે કે 'અર્વાચીન ગુજરાતી ગદ્યમાં પ્રથમ પ્રવર્તક દલપતરામ હતા. દલપતરામે જ ગદ્યનું વ્યવસ્થિત ખેડાણ શરુ કર્યું એમ કહી શકાય. અર્વાચીન કવિતા, નાટક અને ગદ્યના પ્રારંભિક ઘડતરમાં દલપતરામે આપેલો ફાળો નક્કર અને ઐતિહાસિક દૃષ્ટિએ અતિ મહત્ત્વનો છે. તેનાથી અર્વાચીન ગુજરાતી સાહિત્યના પ્રથમ તબક્કાની રીતસર માંડણી થાય છે.'

આમ તો સમાજસુધારો, બુદ્ધિપ્રામાણયવાદ, જનકલ્યાણલક્ષી રાજવહીવટ વગેરે ઝંખતા ગીતો, નિબંધ, વાર્તાઓ, નાટક દલપતરામે લખ્યા છે. પરંતુ ગુજરાતના સાહિત્ય શાસ્ત્રીઓએ એમના બાળસુલભ કાવ્યો અને દૃષ્ટિ વિશેષ કેન્દ્રિત કરી તેથી ગુજરાતી જનતાના વિચાર ઘડતરને એટલું નુકશાન થયું છે.

હાલમાં દલપતરામની જન્મ દ્વિશતાદીનું આ વર્ષ ૨૦૨૦ ચાલી રહ્યું છે. ત્યારે બાળ સાહિત્યના આ આદિપુરુષના બાળસાહિત્યનો સંગ્રહ પ્રગટ થયો છે જાણી તમને જરૂરથી આનંદ થશે તેમજ તેના વાચનમાં રસ પડશે જ.

'દલપતરામ'નું બાળ સાહિત્ય' પુસ્તકના સંપાદક યશવંત મહેતા છે. તેમને દલપતરામના



**પુસ્તક પરિચય**

**નટવર હેડાઉ**

vanvihari@gmail.com

વિરાટ સાહિત્યસર્જન રાશિમાંથી બાળ સુલભ સાહિત્ય અહીં અલગ તારવી આપ્યુ છે. તેને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવ્યું છે.

વિભાગ-૧માં પાઠ્યપુસ્તકોમાંથી લીધેલ રચનાઓનો છે. કવિ દલપતરામે પોતાના સમયના ગુજરાતી ભાષા માટેનાં પાઠ્યપુસ્તકો 'હોપ વાચનમાળા'માં ઘણું પ્રદાન કર્યું હતું. એમાંથી બાળ સુલભ એવી ઘણી ખરી રચનાઓ અહીં સમાવવામાં આવી છે. ગત દોઢસો એક વર્ષથી ગુજરાતના વિદ્યાર્થીઓ દલપતરામની કેટલીક કવિતાઓ ભણે છે અને આજકાલ પણ ઘણા ખરા પાઠ્ય પુસ્તકોમાં એમની બાળસુલભ કવિતાઓ સમાવાઈ છે. અહીં પણ તેમની ખુબ જાણીતી રચનાઓ શરણાઈવાળો હોય કે પછી ઊંટ કહે છે આ સમામાં વાંકા અંગવાળા ભૂંડા' જેવી માનો ગુણ' હતો હું સૂતો પારણે પુત્ર નાનો, અને આબુનું વર્ણન છે તે 'ભલો દૂરથી દેખતાં મન ભાવ્યો, ચડી જેમ આકાશમાં મેઘ આવ્યો, અને ઋતુ વર્ણનની ચોપાઈઓ' શિયાળે શીતળ વા વાય,પાન ખરે ઘઉં પેદા થાય, તેમજ અટકચાળા છોકરો, ટેવ પડી તે ટળે નહીં, અભિમાન જેવી કવિતાઓ જે હોય વાચનમાળામાં બીજી ચોપડી, ત્રીજી ચોપડી, ચોથી ચોપડી, પાંચમી અને છઠ્ઠી ચોપડીમાંથી અહીં લેવામાં આવી છે.

વિભાગ-૨માં અન્ય બાળ સુલભ પદ્યરચનાઓને સમાવી છે. જેમાં 'બાપાની પીંપર, ભીંડો બાદવાતણો, વસંતઋતુનું વર્ણન, શરણાઈવાળો અને શેટ, બોલતી પોપટી, ભસવાની શરમ, વાંકા અંગ, અંધેરી નગરી, ફૂલણજી, હઠીલો મંકોડો, જેવી ખૂબ જાણીતી કવિતાઓ મળે છે. જે આજે પણ આપણે હોઠે રમે છે.'

દલપતરામે બાળકો અને કિશોરો માટે પંખી-પ્રાણી વગેરેના પાત્રોથી રુચિકર લાગે તેવી દૃષ્ટાંત કથાઓ ગૂંથીને અનેક રચનાઓ કરી આપેલી. પ્રાણી પંખી સાથેના માનવસંબંધોના ભાવજગતનો પરિચય કરાવતા શિષ્ટ, સરળ ગેય પદ્યમાંકે છંદોમાં લખાયેલા બાળકો અને કિશોરો માટેનાં કાવ્ય-રચનાની વર્ણસગાઈ યમક જેવી શબ્દાલંકાર સમૃદ્ધિથી હોઠે અને હૈયે વસી જાય એવી અનેક ઉક્તિઓથી નિર્મળ વિનોદ, રમૂજ અને આનંદ આપે તેવા શૈક્ષણિક ક્ષમતાવાળા બાળ-કિશોર કાવ્યો અહીં મળે છે.

વિભાગ-૩માં ગદ્ય રચનાઓ છે. તેમાં સમાજસુધારા અને વૈચારિક સુધારાનું જોશ જોઈ શકાય છે. 'ભૂતનિબંધ', 'દૈવજ્ઞ દર્પણ', 'મિથ્યાભિમાન' વિગેરે એવી રચનાઓ છે. અહીં આપણને 'ક્રુરચંદ સુરચંદ', લખેતી વાત માનવા વિશે, બાળકના અભ્યાસની ચાલતી રીત, બુદ્ધિમહિમા ચડતી પડતી જેવી ગદ્ય રચનાઓ પ્રાપ્ત થાય છે.

'બાળ સાહિત્યના આદિપુરુષ' શિર્ષકથી પ્રસ્તાવનાથી શરુ થતાં આ સંપાદનમાં જાણીતા બાળસાહિત્ય લેખક નટવર પટેલે સંપાદક યશવંત મહેતાનો છેલ્લા પૃષ્ઠ પર પરિચય આપ્યો છે. બાળસાહિત્યના આશરે ૪૦૦ પુસ્તકોના લેખક, સંખ્યાબંધ રાષ્ટ્રીય અને અન્ય પુરસ્કારોથી પોંખાયેલ 'યશદાદા' ને ગુજરાતી બાળકની ત્રણ પેઢી વહાલભર્યા નામે જાણે છે. તેમના આ સુંદર પ્રયાસને બિરદાવું છું અને અભિનંદન સહ પુસ્તકને આવકારું છું.

**દલપતરામનું બાળસાહિત્ય**
**સંપાદક - યશવંત મહેતા**
**પ્રકાશક - બાળસાહિત્ય અકાદમી, અમદાવાદ**
**પ્રથમ આવૃત્તિ - ૨૦૧૯/મુખ્યવિક્રેતા - ગૂર્જર એજન્સી અમદાવાદ**
**કિંમત - રૂા. ૧૦૦**

## જન્મદિને વધામણી



**શાંતિલાલ ઘોઘારી**
વેપારી અગ્રણી (રાજધાની હાર્ડવેર)
કારોબારી સભ્ય,
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૦ ૩૩૭૪૦



**જોષી બાલકૃષ્ણ રતિલાલ**
મો. ૭૦૧૬૧ ૬૭૦૯૩



**સાગરદાન ગઢવી**
ઉપપ્રમુખ, સે-૫, વસાહત મંડળ,
ઉપપ્રમુખ, ખોડિયાર ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીનગર
મો. ૭૦૬૯૭૮૦૩૬૩



**રેણુબેન ઢીંગરા**
લાયોનેસ ક્લબ



**શિવાની ભીમશીભાઈ આહીર**
મો. ૯૮૯૮૭ ૭૭૯૭૫

**૧૧મી માર્ચ**



**શર્મિષ્ઠાબેન જગદીશચંદ્ર દવે**
મો. ૯૮૯૮૧ ૬૧૨૭૦



**નિમિષા શુક્લ**
લાયોનેસ ક્લબ



**ગીતાબેન બી શાહ**
મો. ૯૮૨૪૪ ૨૨૫૧૫



**શિવમ એન પરમાર**
મો. ૯૭૧૨૭ ૩૩૩૧૬